# સમાજલક્ષી મનોવિજ્ઞાન .

## નેતા અને નેતૃત્વની વ્યાખ્યાઓ આપી, નેતા અને નેતૃત્વનો અર્થ સમજાવો.

|1) પ્રાસ્તાવિક

સમાજના પ્રત્યેક ક્ષેત્રમાં રાજકીય, સામાજિક, શૈક્ષણિક, ઔદ્યોગિક વૈજ્ઞાનિક વગેરે ક્ષેત્રોમાં જોવા મળતાં જૂથોમાં નેતા હોય છે. સામાન્ય રીતે જૂથના સભ્યો પર જે સભ્યનો સૌથી વધુ પ્રભાવ પડતો હોય અને જૂથના સભ્યો તેના પ્રભાવને સ્વીકારતા હોય તે સભ્ય જૂથનો નેતા કહેવાય છે. જૂથનો નેતા જૂથના અન્ય સભ્યોને માર્ગદર્શન આપે છે. તેનાતા વ્યવહાર-કામગીરીને કે વર્તન કરવાની બને કે ભૂમિકાને નેતૃત્વ કર્યું છે.

(2) નેતાનો અર્થ

પ્રત્યેક જૂથમાં કોઈ એક સભ્ય જૂથના સભ્યોની પ્રવૃત્તિઓ પર સૌથી વધુ અસર પાડે છે, જૂથના સભ્યો પર વર્ચસ્વ કે પ્રભાવ ધરાવે છે, જૂથનો આવો સભ્ય નેતા તરીકે ઓળખાય છે. જુદા જુદા લેખકોએ નેતાની વ્યાખ્યાઓ આપી છે.

(I) - બી. કુપ્પુસ્વામી

“નેતા એટલે જૂથની પ્રવૃત્તિઓ પર સૌથી વધુ અસર પાડનાર જૂથનો સભ્ય."

(2) – ક્રેચ, ક્રફિલ્ડ અને બેલાચી

“નેતા એટલે કોઈ જૂથ કે સંગઠનનો એવો સભ્ય, જે જૂથના સભ્યોની પ્રવૃત્તિ પર નોંધપાત્ર અસર પાડે છે તેમજ જૂથનાં લક્ષ્યો અને જૂથની વિચારસરણી નક્કી કરવામાં મુખ્ય ભૂમિકા ભજવે છે."

(3) – લિન્ડગ્રેન

“નેતા એ જૂથનો એવો સભ્ય છે કે જે જૂથના અન્ય સભ્યોને પોતાની પસંદગી અને અપેક્ષા અનુસાર વર્તન કરવા વધુ પ્રમાણમાં પ્રભાવિત કરે છે."

(૪) - કીમ્બાલ યંગ

જે વ્યક્તિ યોગ્ય સૂચનો કરે, માર્ગ બતાવે, બીજો માટે આદર્શો પુરા પડે અને જેનું પાલન થઇ શકે તેવા આદર્શો આપે તેવી વ્યક્તિને “નેતા” કહેવામાં આવે છે.”

ઉપરની વ્યાખ્યાઓ સ્પષ્ટ કરે છે કે નેતા એ **જુથનો સૌથી પ્રભાવશાળી સભ્ય** છે. નેતા જૂથના સભ્યોને પોતાની પસંદગી અને **અપેક્ષા અનુસાર વર્તન કરવા વધુ પ્રમાણમાં પ્રભાવિત** કરે છે. નેતા જૂથના સભ્યોની પ્રવૃત્તિ પર નોધપાત્ર અસર પડે છે. નેતા જૂથના સભ્યોને **માર્ગદર્શન** આપે છે.

(3) નેતૃત્વનો અર્થ

સામાન્ય રીતે જૂથમાં **નેતાની ભૂમિકાને-કામગીરીને નેતૃત્વ કહે** છે. **નેતૃત્વને પ્રભાવ, કામગીરી, વ્યવહાર કે શિક્ત ગણાવી** જુદ જુદા લેખકોએ નેતૃત્વની વ્યાખ્યાઓ આપી છે. નેતૃત્વની કેટલીક મહત્ત્વની વ્યાખ્યાઓ નીચે પ્રમાણે છેઃ

(1) બી. કુપ્પુસ્વામી

"નેતૃત્વ એ પારસ્પારિક ઉદીપનની પ્રક્રિયા છે, જેમાં નેતા જૂથ પર અને જૂથ નેતા પર અસર પહોંચાડે છે."

(2) – લાપીથર અને ડાન્સવર્ક

"નેતૃત્વ એટલે જૂથના બધા સભ્યોનું વર્તન નેતા પર અસર કરે તેના કરતાં ઘણા વધારે પ્રમાણમાં જૂથના સભ્યોના વર્તનને પ્રભાવિત કરતું વર્તન"

(૩) - મૈકાઇવર અને પેજ

"નેતૃત્વ એટલે લોકોને સમજાવવાની કે લોકોને નિયંત્રણ કરવાની એક એવી શક્તિ જે દરજ્જાને લીધે નહિ, પરંતુ વૈયક્તિક ગુણોને લીધે નિર્માણ થયેલી હોય છે."

નેતૃત્વની વ્યાખ્યાઓમાં નેતાના અન્ય સભ્યો પર થતા વર્તનને લક્ષમાં લેવામાં આવેલ છે. નેતૃત્વની વ્યાખ્યાઓનું વિશ્લેષણ કરવાથી નેતૃત્વનું એક

અગત્યનું પરિમાણ બહાર આવે છે કે **નેતૃત્વમાં બે પક્ષો** હોય છે. એક પક્ષ **નેતૃત્વ કે કરે** છે અને બીજી પણ **નેતૃત્વનો સ્વીકાર** કરે છે. આમ, નેતા અને અનુયાયીઓ બંને પક્ષો એકબીજાને પ્રભાવિત કરે છે. નેતા અને અનુયાયીઓ વચ્ચેનો સંબંધ એકપક્ષી નહિ પરંતુ, દ્વિપક્ષી છે. બંને પક્ષો વચ્ચે પારસ્પારિક સંબંધ એલો હોય છે.

આમ, નેતૃત્વ એવી પ્રક્રિયા છે કે જેમાં **આંતરવૈયક્તિક આંતરક્રિયા** થાય છે, કારણ કે નેતા પોતાના અનુયાયીઓ પર પ્રભાવ પાડે છે અને અનુયાયીઓ પોતાના નેતા પર પ્રભાવ પાડે છે. નેતાનો અનુયાયીઓ પર પડતો પ્રભાવ અનુયાયીઓના નેતા પર પડતા પ્રભાવથી વધુ હોય છે. આ રીતે બંને વચ્ચેના પ્રભાવની માત્રામાં અંતર હોય છે.

(4) નેતૃત્વ માટેના ત્રણ ઘટકો

જ્યારે નાના જૂથના સભ્યોને નેતૃત્વની બાબતમાં જૂથના સભ્યોનું મૂલ્યાંકન કરવાનું કહેવામાં આવે છે ત્યારે તેઓ ત્રણ ઘટકોને ધ્યાનમાં રાખીને નેતૃત્વ અંગે પરસ્પરનું મૂલ્યાંકન કરે છે.

આમ, નેતૃત્વ માટેના ત્રણ ઘટકો છે: (1) વર્ચસ્વ (2) લાડીલાપણું અને (3) કાર્ય સફળતા.

**૧. વર્ચસ્વઃ**

નાના જૂથમાં જે વ્યક્તિ પ્રમાણમાં વધારે **શક્તિશાળી** હોય તેને જૂથના સભ્યો નેતા તરીકે પસંદ કરે છે. આ શક્તિશાળી વ્યક્તિ **શારીરિક** રીતે અને **શાબ્દિક** રીતે પ્રમાણમાં વધુ સક્રિય હોય છે. તે અન્ય વ્યક્તિઓને **પ્રભાવિત કરવા માટેની**, અન્યને **બદલો અને શિક્ષા આપવાની શક્તિ** અને સાધનો ધરાવે છે. આમ, શક્તિશાળી વ્યક્તિ જે નેતા તરીકે પસંદ પામે છે તે સમગ્ર જૂથ પર વર્ચસ્વ ધરાવે છે.

**૨. લાડીલાપણું :**

જૂથમાં નેતા તરીકે જે વ્યક્તિને પસંદ કરવામાં આવે છે તે વ્યક્તિની જૂથના લગભગ **બધા સભ્યો પ્રશંસા** કરતા હોય છે. જૂથના બધા જ સભ્યોને આ **વ્યક્તિ ગમતી** પણ હોય છે. આમ, તે **લોકપ્રિય** હોય છે એટલે કે **જૂથની લાડીલી કે ઇચ્છનીય વ્યક્તિ હોય** છે. નેતા તરીકેની પસંદગી માટે વર્ચસ્વ અને લાડીલાપણું એ બે ઘટકો માત્ર પર્યાપ્ત નથી, પરંતુ આ ઉપરાંત વાસ્તવિક પરિસ્થિતિમાં **કાર્ય સફળતા** મેળવવા માટે પણ તે શક્તિ ધરાવતો હોવો જોઈએ.

**૩. કાર્ય સફળતા :**

નેતામાં **સાહસો અને કાર્યોમાં સફળતા પ્રાપ્ત કરવા માટેની શક્તિ પણ હોવી જરૂરી** છે. આમ, કાર્યમાં સફળતા એ ઘટક જૂથમાં નેતાની સ્વીકાર્યતા માટે ખૂબ જ મહત્ત્વનું ઘટક છે.

**નેતૃત્વનું મુખ્ય લક્ષણ 'જૂથ પરનો પ્રભાવ' છે.** જૂથનો નેતા જૂથના સભ્યોની **પ્રવૃત્તિઓ અને માન્યતાઓ** પર ખૂબ જ મહત્ત્વની **અસર** જન્માવે છે. તે જૂથના કાર્ય કરવા માટે **પ્રેરે** છે, **માર્ગદર્શન** આપે છે, **નિર્ણયો લે** છે અને જરૂર પડે ત્યારે **આદેશો પણ આપે** છે. તે જૂથના **સભ્યો વચ્ચેના વિખવાદોને દૂર કરી તે જૂથના સભ્યો માટે પ્રેરણારૂપ** બને છે અને હંમેશાં જૂથની કોઈપણ પ્રવૃત્તિમાં તે મોખરે રહે છે.

## નેતૃત્વનો ઉદ્ભવ

પ્રશ્ન ૧. નેતા બનવાની રીતો કે માર્ગો વર્ણવો. નેતાની ઉત્પત્તિના સંદર્ભમાં નેતાના પ્રકારો સમજાવો.

[1] પ્રાસ્તાવિક

નેતૃત્વની ઉત્પત્તિ અથવા ઉદ્ભવનો આધાર નીચેની બે બાબતો પર રહેલો છે :

(I) વ્યક્તિને કઈ પરિસ્થિતિઓ નેતા બનાવવામાં મદદરૂપ નીવડે છે?

(2) કયા પ્રકારની વ્યક્તિ નેતા બને છે?

અહીં **પરિસ્થિતિ અને નેતૃત્વની શૈલીને આધારે નેતાના પ્રકારોની** ચર્ચા કરી છે.

**(2) પરિસ્થિતિ આધારિત નેતા બનવાના માર્ગને આધારે નેતાના પ્રકારો**

કોઈપણ વ્યક્તિ નેતા બને એ માટે પરિસ્થિતિનો એટલે કે **ઔપચારિક અને અનૌપચારિક પ્રક્રિયાઓ કાર્ય કરતી** હોય છે.

**ઔપચારિક રીતે નેતા કેવી રીતે અસ્તિત્વમાં આવે** છે એને આધારે **બી, કુપ્પુસ્વામી નેતાના બે પ્રકારો** દર્શાવે છે. (1) નિયુક્ત નેતા અને (2) ચૂંટાયેલા નેતા.

જોકે આ ઉપરાંત **અનૌપચારિક રીતે પસંદગી પામીને** પણ કોઈ વ્યક્તિ **સામજિક નેતા કે મત નેતા** બને છે. આ દૃષ્ટિએ નેતાના ત્રણ પ્રકારો દર્શાવી શકાય :

(1) નિયુક્ત નેતા (2) ચૂંટાયેલા નેતા અને (3) સામાજિક નેતા (મત નેતા).

**1. નિયુક્ત નેતા**

નેતા બનવાનો એક માર્ગ નિયુક્તિનો છે એટલે કે **બહારની કોઈ ચોક્કસ વ્યક્તિને જૂથના નેતા તરીકે નિમણૂક કરે** છે. **કૉલેજના આચાર્ય, બેન્કના એજન્ટ, કંપનીના મેનેજર** વગેરે નિયુક્ત નેતાનાં ઉદાહરણો છે. **સરકાર,**

**ઉદ્યોગ, વેપાર, બેંક, લશ્કર વગેરે વહીવટી સેવાઓનાં સ્થાનો** પર નેતા તરીકે વ્યક્તિઓની નિમણૂક કરવામાં આવે છે. આ **નિમણૂક ઔપચારિક રીતે** થાય છે.

**2. ચૂંટાયેલો નેતા**

નેતા બનવાનો એક **બીજો માર્ગ ચૂંટણીનો** છે. જૂથના સભ્યો પોતાનામાંથી જે કોઈ વ્યક્તિને ચૂંટણી દ્વારા નેતા તરીકે પસંદ કરે છે. આ રીતે **નેતાની ચૂંટણી પણ ઔપારિક રીતે થાય છે.** અહીં નેતા એ **બહુમતી સભ્યોની પસંદગીને આધારે નેતૃત્વ પ્રાપ્ત** કરે છે.

**3. સામાજિક નેતા (મત નેતા)**

નેતા બનવાનો એક **ત્રીજો માર્ગ એ અનૌપચારિક પ્રક્રિયા દ્વારા નેતૃત્વ પ્રાપ્ત કરવાનો** છે. આવા નેતાઓ **જૂથના મોટા ભાગના બધા જ સભ્યોની પસંદગીને આધારે નેતૃત્વ** પ્રાપ્ત કરે છે. **સમવયસ્કોની** ટોળકી, **દાણચોરો**ની કે **ડાકુઓની** ટોળકીના નેતાઓ સામાજિક નેતાઓ છે. ગ્રામ્ય સમાજમાં પણ મહત્ત્વની વ્યક્તિ આ રીતે જ નેતૃત્વ પ્રાપ્ત કરે છે. આવા નેતાઓ નિયુક્ત નેતાઓ કે ચૂંટાયેલા નેતાઓ નથી, પરંતુ લગભગ જૂથના બધા જ સભ્યોની પસંદ (સમાજમિતિવિષષક પસંદગી)ને આધારે નેતાનું સ્થાન પ્રાપ્ત કરે છે

**સામાજિક નેતાને મત નેતા પણ કહેવામાં** આવે છે. સામજિક નેતાઓ જૂથના **અન્ય સભ્યો કરતાં બુદ્ધિ, જ્ઞાન અને સમજશક્તિની દૃષ્ટિએ ચડિયાતા** હોય છે. તેઓ જૂથના બધા જ **સભ્યો સાથે સહાનુભૂતિપૂર્વક અત્યંત નિક્ટનો સંબંધ ધરાવે છે**, તેથી જૂથના સભ્યો હંમેશાં **પોતાની સમસ્યાઓ અને પ્રશ્નોના ઉકેલ માટે સલાહ લેવા માટે નેતા પાસે જાય** છે. આવા નેતાઓ તેમને **યોગ્ય સલાહ** આપે છે. તેઓનો પ્રભાવ જૂથ પર વ્યાપક હોવાથી **તેમના અભિપ્રાયોની જૂથ પર વ્યાપક અસર** પડે છે, **તેથી તેમને મત નેતા પણ કહેવામાં આવે** છે. આપણા દેશમાં કુટુંબનિયોજન, અસ્પૃશ્યતા નિવારણ, દારૂબંધી વગેરેને લગતા કાર્યક્રમોમાં આવા મત નેતાઓનો વ્યાપકપણે પ્રભાવ પડ્યો છે.

## [3] નેતૃત્વની શૈલીને આધારે નેતાના પ્રકારો

નેતાઓ પોતાના **જૂથમાં જે રીતે કાર્ય કરે છે, વ્યવહાર કરે છે તેને નેતૃત્વની શૈલી કરે છે.** જૂથમાં **લોકશાહી ઢબે વ્યવહાર કરનાર** નેતાને **લોકશાહી નેતા** અને **આપખુદ ઢબે વ્યવહાર કરનાર** નેતાને **આપખુદ નેતા કહે** છે. નેતૃત્વની શૈલીની દષ્ટિએ નેતાના ત્રણ પ્રકારો દર્શાવી શકાય

(1) લોકશાહી નેતા (2) આપખુદ નેતા અને (3) કરિશ્માતી નેતા.

### 1. લોકશાહી નેતા

લોકશાહી નેતા પોતાના વ્યવહાર દરમિયાન સમજાવટ, સમાધાન, બાંધછોડ અને સહિષ્ણુતાની રીતો અપનાવે છે. તેને લોકોમાં વિશ્વાસ હોય છે અને તેથી તે માને છે કે યોગ્ય માર્ગદર્શન દ્વારા જૂથના સભ્યોને ધ્યેય પ્રાપ્તિ માટેના પ્રયત્નો કરવા માટે દોરી શકાય છે. તેને જૂથના સભ્યોની બુદ્ધિમત્તા અને શક્તિઓ પર વિશ્વાસ હોય છે, તેથી તે પ્રચારનો ઉપયોગ કરતો નથી, પરંતુ હકીકતો અને તાર્કિક દલીલો દ્વારા તે જૂથના સભ્યોના અભિપ્રાયમાં પરિવર્તન કરે છે.

## 2. આપખુદ કે સરમુખત્યાર નેતા

આપખુદ કે સરમુખત્યાર નેતા લોકશાહી નેતાથી તદન વિરોધી રીતે જથના સભ્યો સાથે વ્યવહાર કરે છે. આપખુદ નેતા વર્ચસ્વપ્રિય અને આક્રમક હોય છે. તે કડક શિસ્ત અને બળજબરી પર ભાર મૂકે છે. તે સત્તાપ્રિય હોય છે. પરિણામે, તે લોકો પર વર્ચસ્વ જમાવે છે. તેને જ જૂથના સભ્યોની બુદ્ધિમત્તા અને શક્તિઓ પર વિશ્વાસ હોતો નથી, તેથી તે પ્રચારની વિવિધ પ્રયુક્તિઓ દ્વારા પોતાની માન્યતાઓ અને અભિપ્રાયો લોકો પર લાદવાનો પ્રયત્ન કરે છે. તે જૂથની બાબતમાં પોતે જ નિર્ણયો લે છે અને આ નિર્ણયોનું કડકપણે પાલન કરાવે છે. તે આ નિર્ણયોની વિરુદ્ધ જનારને કડક શિક્ષા કરે છે. તે સમજાવટને બદલે સત્તા અને શિક્ષા પર પ્રમાણમાં વધારે આધાર રાખે છે.

## 3. કરિશ્માની નેતા

કેટલીક વાર **લોકો નેતામાં અત્યંત અદભુત કે ચમત્કારિક શક્તિનું આરોપણ કરે** છે. આવા નેતાને **કરિશ્માતી નેતા** કહેવામાં આવે છે. લોકો આવા **નેતા પરત્વે આંધળી ભક્તિ ધરાવે** છે. તે **લોકસમુદાયનો નેતા બની જાય છે.** આવો નેતા પણ લોકશાહી ઢબે અથવા આપખુદ ઢબે પણ વર્તન કરતો હોય છે. **હિટલર અને સ્ટાલિન જેવા આપખુદ નેતાઓ** તેમજ **ગાંધીજી, જયપ્રકાશ નારાયણ જેવા લોકશાહી નેતાઓ એ કરિશ્માની નેતાનાં ઉદાહરણો છે.** આપણા દેશમાં **આઝાદીની ચળવળ સમયે** દેશના બધા જ લોકો **ગાંધીજીને દૈવી અવતાર** માનતા હતા, તેઓ સામાન્ય માનવીઓ કરતાં **સવિશેષ શક્તિઓ ધરાવે** છે એમ પણ **માનતા** હતા. **જર્મનીમાં પણ લોકો હિટલરના શબ્દોને શાસ્ત્રોનાં વચનોની જેમ સ્વીકારી લેતાં** હતાં.

**કરિશ્માતી નેતાઓ સામાજિક વ્યવસ્થાના પરંપરાગત માળખાને તોડી નાખે** છે. તેઓને લોકો દૈવી શક્તિ ધરાવતા નેતા તરીકે સ્વીકારે છે.

## નેતાની ઉત્પત્તિ અને પ્રભાવ

કોઈપણ નેતા ચૂંટાયેલો હોય કે નિયુક્ત હોય, પરંતુ જો તે સામાન્ય લોકો કે **જૂથના સભ્યો પર પ્રભાવ જન્માવે તો તે અસરકારક નેતા પુરવાર** થાય છે.

આમ, જૂથમાં પ્રભાવ જન્માવનાર વ્યક્તિ નેતા બને છે. આવો પ્રભાવ ત્યારે જ ઉત્પન્ન થાય જ્યારે જૂથના સભ્યો તેના પરત્વે વિધાયક મનોવલણ ધરાવે છે.

જ્યારે **જૂથ ખૂબ જ મોટું હોય** ત્યારે જૂથની **એકથી વધુ વ્યક્તિઓ** જૂથના સભ્યો પર **પ્રભાવ પાડતી** હોય છે, પરંતુ આ બધી જ વ્યક્તિઓમાંથી જે વ્યક્તિ જૂથ પર **સૌથી વધુ પ્રભાવ પાડે** છે તે **સર્વોચ્ચ નેતા બને** છે અને અન્ય વ્યક્તિ તેની પછીના બીજા સ્તરના નેતાઓ બને છે. રાજકીય પક્ષમાં જુદા જુદા જુદા સ્તરે નેતાઓ જોવા મળે છે.

**આંતિરક કે બાહ્ય ધમકીની પરિસ્થિતિ અને નેતૃત્વઃ** નેતાની ઉત્પત્તિ માટે **પરિસ્થિતિ પણ જવાબદાર હોય** છે. જ્યારે જૂથ સમક્ષ કોઈ આંતરિક ધમકી કે બાહ્ય ધમકી આવી પડે છે ત્યારે નેતાઓ ઉદ્ભવે છે. **કટોકટીની પરિસ્થિતિમાં** નવા ચહેરાઓ નેતાઓ તરીકે બહાર આવે છે. આ ઉપરાંત જૂથમાં **આંતરિક કલહો થાય, મતભેદો ઉત્પન્ન થાય** અને **જૂથનું બંધારણ છિન્નભિન્ન થઈ જાય** તેવી પરિસ્થિતિ ઉપસ્થિત થાય **ત્યારે પણ જૂથના સભ્યો નવા નેતાને ઇચ્છે** છે. આમ, પરિસ્થિતિ કે સંજોગો પણ નેતાની ઉત્પત્તિનું એક મહત્ત્વનું કારણ છે.

**નેતૃત્વની ઉત્પત્તિ માટે સામાન્ય લક્ષણ અને વિશિષ્ટ લક્ષણ એમ બે સિદ્ધાંતો પ્રવર્તે** છે. **બાસે** કરેલ અભ્યાસ બતાવે છે કે **નેતૃત્વ માટે જરૂરી લક્ષણો ધરાવનાર વ્યક્તિ ગમે તે પરિસ્થિતિમાં નેતા જ રહે** છે.

# નેતૃત્વના સિદ્ધાંતો

## [1] પ્રાસ્તાવિક

નેતૃત્વની પ્રક્રિયાને સમજાવવા માટે જુદા જુદા સિદ્ધાંતો રજૂ થયા છે.

**નેતૃત્વના બે સિદ્ધાંતો** –

(1) એક મુખ્ય વિશેષગુણનો સિદ્ધાંત અને (2) વિશેષગુણોના સમૂહનો સિદ્ધાંત.

આ બંને સિદ્ધાંતો પરસ્પર વિરોધી સમજૂતી આપે છે. નૈતૃત્વનો એક મુખ્ય **વિશેષગુણનો સિદ્ધાંત દર્શાવે છે કે નેતામાં અમુક એક જ વિશેષગુણ હોય છે,** જેને લીધે વ્યક્તિ ગમે તે પરિસ્થિતિમાં સફળ રીતે નેતા તરીકે કાર્ય કરે છે. આ સિદ્ધાંત "નેતા જન્મે છે" એમ માને છે તેમજ નેતૃત્વની શક્તિ વારસાગત છે એમ માને છે. જ્યારે બીજી બાજુ **વિશેષગુણોના સમૂહનો સિદ્ધાંત** દર્શાવે છે કે વ્યક્તિમાં અમુક વિશેષગુણોની ભાત (Pattern) હોય તો તે નેતા તરીકે સફળ બને છે.

**જોકે આધુનિક મનોવૈજ્ઞાનિકો માને** છે કે **નેતાનું વ્યક્તિત્વ અને જૂથ વચ્ચેની આંતરક્રિયા નેતૃત્વની પરિસ્થિતિ જન્માવે** છે. આને નેતૃત્વનો **આંતરક્રિયાવાદી સિદ્ધાંત** કહે છે.

# [2] નેતૃત્વના સિદ્ધાંતો

નેતૃત્વની પ્રક્રિયાને સમજવા માટે મુખ્ય પાંચ સિદ્ધાંતો રજૂ થયા છે, જે નીચે પ્રમાણે છેઃ

(1) લક્ષણવાદી સિદ્ધાંત (2) પ્રકારવાદી સિદ્ધાંત

(3) મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત (4) પારિસ્થિતિક સિદ્ધાંત અને (5) આંતરક્રિયાવાદી સિદ્ધાંત.

## 1. લક્ષણવાદી સિદ્ધાંત

આ સિદ્ધાંત પ્રમાણે **જે વ્યક્તિમાં અમુક વ્યક્તિત્વ-લક્ષણો હોય તે જ નેના બની શકે**. તેને **વૈયક્તિક સિદ્ધાંત પણ કહેવામાં** આવે છે. દા. ત., આત્મવિશ્વાસ, દૃઢતા, નિર્ણય લેવાની શક્તિ વગેરે ગુણો ધરાવતા માણસો નેતા બની શકે છે. આ સિદ્ધાંત સ્વીકાર્ય નથી. વ્યક્તિમાં આવા ગુણો હોય તો જ તે નેતા બની શકે એવું નથી.

## 2. પ્રકારવાદી સિદ્ધાંત

આ સિદ્ધાંત **વ્યક્તિત્વના પ્રકારોને આધારે નેતૃત્વની પ્રક્રિયા સમજાવે છે. "યુંગે" વ્યક્તિત્વના અંતર્મુખી અને બહિર્મુખી એવા બે પ્રકારો** પાડ્યા છે. સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે નેતૃત્વને બહિર્મુખી વ્યક્તિત્વ સાથે સંબંધ છે. નેતાઓ વધુ સામાજિક અને બહુર્મુખી હોય છે. એક સંશોધનથી જાણી શકાયું છે કે વ્યક્તિત્વના બહિર્મુખી પ્રકાર અને નેતૃત્વ વચ્ચે ખાસ પ્રકારનો સહસંબંધ નથી.

**3. મનોવિશ્લેષણાત્મક સિદ્ધાંત**

આ સિદ્ધાંત પ્રમાણે **શૈશવકાળ અને બાલ્યકાળના અનુભવોને લીધે વ્યક્તિ નેતા બને** છે. **બાલ્યકાળમાં રહેલી કેટલી નિર્બળતાના બદલામાં ક્ષતિપૂર્તિ તરીકે વ્યક્તિ નેતા બનવાનો અથાગ પ્રયત્ન કરે** છે. જોકે આ પ્રકારની ખામીઓમાંથી ઉદ્ભવતી નેતૃત્વની પ્રેરણા એ નેતૃત્વનું એક ઘટક છે. તેનાથી નેતૃત્વની પૂર્ણ સમજૂતી પ્રાપ્ત થતી નથી.

**4. પારિસ્થિતિક સિદ્ધાંત**

નેતૃત્વ વિષેનો એક સિદ્ધાંત **કાળ સિદ્ધાંત અથવા પારિસ્થિતિક સિદ્ધાંત છે.** આ સિદ્ધાંત પ્રમાણે અમુક વિશિષ્ટ પરિસ્થિતિ કે કાળ વ્યક્તિને નેતા બનાવે છે, તેમાં વ્યક્તિત્વ-લક્ષણો મહત્ત્વના નથી. આઝાદી પહેલાં ભારતને ગુલામીની જંજીરોમાંથી મુક્ત કરે તેવા રાષ્ટ્રીય નેતાની આવશ્યકતા હતી. ગાંધીજી આવા નેતા બની શક્યા.

આ સિદ્ધાંત પ્રમાણે વ્યક્તિત્વ-લક્ષણો કરતાં પરિસ્થિતિ નેતૃત્વ ઉદભવ માટે જવાબદાર છે. ઘણીવાર પરિસ્થિતિ એવી હોય છે કે દેશનું સુકાન સંભાળ તેવા શક્તિશાળી નેતાની આવશ્યકતા ઊભી થઈ હોય. આમ હોય ત્યારે અમુક જ વ્યક્તિ નેતા બની શકે. જે વ્યક્તિમાં એવા વ્યક્તિત્વ ગુણો હોય કે જે પરિસ્થિતિ સાથે આંતરક્રિયા કરી શકે અને પોતાની જાતને જૂથની શક્તિશાળી વ્યક્તિ તરીકે સ્થાપી શકે તે નેતા બને છે.

ઉપર્યુક્ત સિદ્ધાંતો નેતૃત્વને પૂર્ણપણે સમજાવી શકતા નથી. તેથી નેતૃત્વની પ્રક્રિયાની વૈજ્ઞાનિક સમજૂતી પ્રાપ્ત કરવા માટે આંતરક્રિયાવાદી સિધ્ધાંત રચવામાં આવ્યો છે.

**5. નેતૃત્વનો આંતરક્રિયાવાદી સિદ્ધાંત**

નેતૃત્વ વિષે એક એવો મત છે કે જે વ્યક્તિમાં અમુક એક ખાસ ગુણ હોષ તે નેતા બની શકે. પરિસ્થિતિ ભિન્ન ભિન્ન હોય છતાં પણ અમુક ગુણ ધરાવનાર વ્યક્તિ નેતા બની શકે છે. આ મત સ્વીકાર્ય નથી, કારણ કે નેતા બનવા માટે વ્યક્તિમાં બીજા ઘણા વિશેષગુણો હોવા જોઈએ. બીજા મંતવ્ય પ્રમાણે સફળ નેતૃત્વ માટે વ્યક્તિમાં અનેક વિશેષ ગુણોનો સમન્વય થવો જોઈએ. વ્યક્તિમાં અનેક વિશેષ ગુણો હોય છતાં પણ નેતા બનવા માટે સાનુકૂળ પરિસ્થિતિ ન સર્જાય તો તેનું નેતૃત્વ વિકાસ પામી શકતું નથી.

**નેતૃત્વ એ એકાદ ગુણ કે ગુણો પર આધારિત નથી, પરંતુ બીજાં અનેક પરિબળો પર આધારિત છે. નેતાનાં વ્યક્તિત્વ લક્ષણો, અનુયાયીઓની માન્યતાઓ અને વલણો, વિશિષ્ટ સંજોગો વગેરે પરિબળો નૈતૃત્વના ઉદ્ભવ માટે જવાબદાર છે.**

જૂથમાં કોઈ સમસ્યા ઉપસ્થિત થાય છે. એ સમયે વિશેષગુણો ધરાવતી વ્યક્તિ બહાર આવે છે. તે જૂથના સભ્યો સાથે આંતરક્રિયા કરે છે. સભ્યોને સમસ્યાનો ઉકેલ તે સમજાવે છે. સભ્યો તે ઉકેલ સ્વીકારે છે. આમ, **જૂથ અને**

**વિશેષગુણો ધરાવતી વ્યક્તિ વચ્ચેની પરસ્પર આંતરક્રિયામાંથી નેતૃત્વનો ઉદય થાય** છે. આ સિદ્ધાંતને આંતરક્રિયાવાદી સિદ્ધાંત કહેવામાં આવે છે.

જે હેતુ માટે જૂથની રચના થઈ હોય તે હેતુ પાર પાડવાનું કૌશલ્ય ધરાવનાર વ્યક્તિ નેતા બને છે. જૂથ સાથે પરસ્પર આંતરક્રિયા કરીને જૂથને ધ્યેયસિદ્ધિ તરફ લઈ જનાર વ્યક્તિ જૂથનો સફળ નેતા બને છે, જે વ્યક્તિમાં **જૂથની તત્કાલીન પરિસ્થિતિઓ સમજવાની, ઉકેલવાની અને જૂથના સભ્યોમાં ઉત્સાહ જાગ્રત કરવાની શક્તિ હોય તે વ્યક્તિ નેતા બની શકે છે**. આમ, વ્યક્તિમાં રહેલા અમુક ગુણો અને સામાજિક પરિસ્થિતિ બંનેનો સમન્વય થવાથી નેતૃત્વનો ઉદ્ભવ થાય છે. તેથી **કુપ્પુસ્વામી** કહે છે, **"નેતૃત્વ એ વ્યક્તિત્વ તેમજ સામાજિક પરિસ્થિતિ બંનેનું કાર્ય છે."**

**જેનીંગ્ઝે** આંતરક્રિયાવાદી સિદ્ધાંતની **સમજૂતી** આ પ્રમાણે આપી છે : "નૈતૃત્વ શા માટે મળે છે તેનો ઉત્તર કોઈ એકાદ વ્યક્તિગુણ કે ગુણસમૂહમાં રહેલો નથી, પરંતુ  વિશિષ્ટ પરિસ્થિતિની ભૂમિકામાં વ્યક્તિ કેવા પ્રકારના આંતરવૈયક્તિક સંબંધોનો ફાળો આપે છે. તેમાં રહેલો છે.'

વિવિધ જરૂરિયાતોને લીધે જૂથ અસ્તિત્વમાં આવે છે. જૂથની જરૂરિયાતો સંતોષવામાં મદદરૂપ થનાર વ્યક્તિ જૂથમાં ટોચનું સ્થાન લે છે અને બીજા તળિયાના સ્થાને આવે છે. ટોચનું સ્થાન લેનાર વ્યક્તિ નેતા બને છે, કારણ કે તે વ્યક્તિ દ્વારા જૂથની આકાંક્ષા પાર પડે છે.

નેતા અને અનુયાયીઓ વચ્ચે આંતરક્રિયા થતી હોય છે. નેતાની અસર અનુયાયીઓ પર પડે છે અને અનુયાયીઓની અસર નેતા પર થતી હોય છે. નેતા અને અનુયાયીઓ વચ્ચેની આંતરક્રિયામાં જૂથની જરૂરિયાતો તેમજ નેતાનું વ્યક્તિત્વ મહત્ત્વનો ભાગ ભજવે છે. જૂથમાં અથવા સામાજિક જીવનમાં અવારનવાર સર્જાતી પરિસ્થિતિઓ સમાન હોતી નથી. પરિસ્થિતિ બદલાય ત્યારે આંતરક્રિયાનું સ્વરૂપ બદલાય છે, તેથી એક પરિસ્થિતિમાં સફળ બનેલ નેતા બીજી નિષ્ફળ જાય એવું શક્ય છે. લોકશાહી વાતાવરણમાં સફળ બનેલ નેતા સરમુખત્યારશાહી વાતાવરણમાં નિષ્ફળ જાય તેવું બની શકે.

## [4] નેતાનાં ગુણલક્ષણો

### [1] પ્રાસ્તાવિક

નેતાનાં ગુણલક્ષણો અને વ્યક્તિત્વનાં લક્ષણો અંગે જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ જુદી જુદી યાદી આપી છે. **ટર્મેનના અભ્યાસ** પ્રમાણે નેતા તેના અનુયાયીઓની સરખામણીમાં **ઓછો સ્વાર્થી, વધુ હિંમતવાન, ઓછો આવેગશીલ, સારા દેખાવનો અને મોટા કદનો હોય છે.** મોટા ભાગના મનોવૈજ્ઞાનિકો બધાં જ ગુણલક્ષણોમાં બુદ્ધિ એટલે કે સામાન્ય માનસિક શક્તિને સૌથી અગત્યનું ગુણલક્ષણ માને છે. જોકે આધુનિક મનોવૈજ્ઞાનિકો નેતાનાં વ્યક્તિત્વનાં લક્ષણોને વધુ મહત્ત્વ આપે છે.

**[2] નેતાનાં ગુણલક્ષણો**

જુદા જુદા સંશોધકોએ નેતાનાં જુદાં જુદાં ગુણલક્ષણો વર્ણવ્યાં છે.

**ઓલપાર્ટે** નેતાનાં ગુણલક્ષણો નીચે મુજબ જણાવ્યાં છે. (1) વર્ચસ્વ (2) શારીરિક શક્તિ (3) સ્ફૂર્તિ (4) સપ્રમાણ શરીર (5) દૃઢ મનોબળ (6) અખૂટ સામર્થ્ય (7) સંયમ (8) ગહનતા (9) બુદ્ધિમત્તા (10) જૂથના પ્રશ્નો સમજવાની વિવેકબુદ્ધિ (11) સંગઠનની આવડત (12) સામાજિક કાર્યો કરવાની શક્તિ (13) ઉત્સાહ કે તમન્ના (14) ચારિત્ર્ય (15) સંવેદનશીલતા (6) અન્યને પ્રેરણા પૂરી પાડવાની શક્તિ (17) વ્યાપક કાર્યક્ષેત્ર (18) મધુર વાણી.

**બ્રીટે** નેતાનાં નીચેનાં ગુણલક્ષણો જણાવ્યાં છે. (1) બૌદ્ધિક શક્તિ (2) પહેલ કરવાની તૈયારી (3) દીર્ઘદ્રષ્ટિ (4) આત્મવિશ્વાસ (5) યૌવન (6) વિનોદવૃત્તિ (7) વાકછટા (8) મુત્સદીગીરી.

**બર્નાર્ડ** નેતૃત્વમાં નીચેનાં ગુણલક્ષણો જણાવ્યાં છેઃ (1) અગમ્ય બુદ્ધિ (2) વાચાળતા (3) હાજર જવાબીપણું (4) આવેગો ઉત્પન્ન કરવાની શક્તિ (5) આંતરસૂઝ (6) નિર્ધારશક્તિ (7) વ્યવસ્થાશક્તિ (૪) આત્મવિશ્વાસ (9) હિંમત (10) મૌલિકતા (11) ઉત્સાહ (12) ન્યાયીપણું (13) માનવસ્વભાવનું જ્ઞાન (14) આનંદીપણું (15) સહાનુભૂતિ (16) પ્રમાણિકતા (17) માનવતા.

**કોફીને** નેતૃત્વનાં ગુણલક્ષણોની યાદી નીચે મુજબ આપી છે : (1) બૌદ્ધિક સંપત્તિ (2) નૈતિક સંવેદનશીલતા (3) કલ્પનાશીલતા (4) સંયમ (5) પ્રેરણાશક્તિ (6) જવાબદારીની ભાવના (7) આત્મનિર્ભરતા (8) ગત્યાત્મક શારીરિક લક્ષણો (9) આવેગિક સમતુલા (10) સામાજિક પ્રતિક્રિયાશીલતા (10) સરળ સામાજિક સંબંધો.

નેતૃત્વના બધાં ગુણલક્ષણોનું સંયોજન કરીએ તો નીચેનાં ત્રણ મુખ્ય જણાવી શકાય :

(1) શારીરિક લક્ષણો (2) માનસિક લક્ષણો અને (3) સામાજિક લક્ષણો.

**(1) શારીરિક લક્ષણો**

નેતા શારીરિક રીતે **સશક્ત** અને દેખાવમાં **આકર્ષક** હોવો જોઈએ. **શારીરિક તાકાત, વજન, ઊંચાઈ અને દેખાવ** નેતૃત્વના **અગત્યના ગુણો** કહેવાય, છતાં પણ આ ગુણો નૈતૃત્વ માટે અનિવાર્ય નથી. દા. ત., **લાલ બહાદુરશાસ્ત્રી** ઊંચા અને આકર્ષક દેખાવવાળા નહોતા, છતાં પણ તેઓ રાફળ નેતા બની શક્યા હતા. **આંતિરક ગુણસંપત્તિ એ નેતૃત્વ માટે આવશ્યક** છે.

**(2) માનસિક લક્ષણો**

બુદ્ધિપ્રતિભા, વિવેક, પ્રશ્નોને સમજવાની શક્તિ, હાજર જવાબીપણું, વાક્ચાતુર્ય અને નિર્ણય લેવાની શક્તિ વગેરે માનસિક લક્ષણો નૈતૃત્વનાં અગત્યનો પાસાંઓ છે.

**(3) સામાજિક લક્ષણો**

નેતાઓમાં સામાજિક પ્રતિક્રિયાશીલતા ખાસ આવશ્યક છે. જે માણસો **બહિર્મુખી વ્યક્તિત્વ** ધરાવતા હોય અને જૂથના સભ્યો સાથે અસરકારક રીતે આંતરક્રિયા કરી શકતા હોય તેવા માણસો જૂથમાં અસરકારક બની શકે છે. નેતાઓ સામાન્ય રીતે સામાજિક અને આર્થિક રીતે ઉચ્ચ વર્ગમાંથી આવે છે.

**[3] નેતાનાં વ્યક્તિત્વ લક્ષણો**

અસરકારક નેતાઓમાં વ્યક્તિત્વનાં કયા લક્ષણો હોવા જોઈને ? એ પ્રશ્નનો ઉત્તર બધા જ પ્રકારના જૂથોના સંદર્ભમાં આપવો ખૂબ જ મુશ્કેલ છે. આમ છતાં અનુભવલક્ષી અભ્યાસોને આધારે **અસરકારક નેતાઓનાં કેટલાંક ચોક્કસ વ્યક્તિત્વનાં લક્ષણો નીચે પ્રમાણે** વર્ણવી શકાય.

સામાન્ય રીતે નેતાઓ તેમના અનુયાયીઓ કરતાં પ્રમાણમાં વધારે **બુદ્ધિશાળી** હોય છે. મેન પોતાના અભ્યાસના આધારે જણાવે છે કે નેતા જૂથના અન્ય સભ્યોની સરખામણીમાં પ્રમાણમાં **વધુ સમાયોજિત, વધુ પ્રભાવશાળી, વધુ બહિર્મુખ, વધુ પૌરુષેર્ય, ઓછો રૂઢિચુસ્ત અને સામાજિક રીતે વધુ સંવેદનશીલ** હોય છે. નેતા બનનાર વ્યક્તિ જે વ્યક્તિત્વનાં આ લક્ષણો વિકસાવે તો તે નેતા તરીકે વધુ સફળ બને છે અને જૂથની સમસ્યાઓને સહેલાઈથી પહોંચી વળે છે.

**બર્કોવિત્ઝનો અભ્યાસ** : ઈ.સ. **1956**માં બર્કોવિત્ઝે ખૂબ જ રસપ્રદ અભ્યાસ કર્યો હતો. તેમણે **કોલેજના વિદ્યાર્થીઓને વ્યક્તિત્વ માપનની કસોટીની આપી. કસોટીઓનાં પરિણામોને આધારે** તેમને (1) **ઉચ્ચ પ્રભાવક** વ્યક્તિત્વવાળા દસ વિદ્યાર્થીઓ (2) **નિમ્ન પ્રભાવક** વ્યક્તિત્વવાળા **દસ** વિદ્યાર્થીઓ અને (3) **મધ્યમ પ્રભાવક** વ્યક્તિત્વવાળા **વીસ** વિદ્યાર્થીઓ પસંદ કર્યા. ત્યારપછી તેમણે આ **કુલ ચાલીસ** વિદ્યાર્થીઓમાંથી **ચાર ચાર વિદ્યાર્થીઓનાં જૂથો બનાવ્યાં.** આ જૂથો એવી રીતે બનાવવામાં આવ્યાં કે **પ્રત્યેક જૂથમાં એક ઉચ્ચ પ્રભાવક, એક નિમ્ન પ્રભાવક અને બે મધ્ય પ્રભાવક વ્યક્તિત્વવાળા વિદ્યાર્થીઓ આવે.** ત્યારપછી આ જૂથોમાંથી **અડધાં જૂથોમાં ઉચ્ચ પ્રભાવક વ્યક્તિત્વવાળા** વિદ્યાર્થીને અને **બાકીનાં અડધાં જૂથોમાં નિમ્ન પ્રભાવક વિદ્યાર્થીને જૂથમાં મહત્ત્વની વ્યક્તિનું સ્થાન સોપ્યું.** આ સ્થાનને કારણે તે વિદ્યાર્થી બાકીના ત્રણ વિદ્યાર્થીઓ સાથે સીધી રીતે સંદેશાવ્યવહાર કરી શક્યા હતા.

**આ અભ્યાસનાં પરિણામોમાં** જોવા મળ્યું કે **જૂથમાં મુખ્ય સ્થાને રહેલી નિમ્ન પ્રભાવક વ્યક્તિઓ પણ ઉચ્ચ પ્રભાવક વ્યક્તિઓની જેમ જ પોતાનું કાર્ય કરવા લાગી.** આમ, આ અભ્યાસ "કાર્ય વ્યક્તિને ઘડે છે" એ વિધાનને સમર્થન આપે છે.

**નેતૃત્વની બાબતમાં એ મતભેદ પ્રવર્તે છે કે નેતૃત્વ એ સામાન્ય લક્ષણ છે કે વિશિષ્ટ લક્ષણ ?** આ અંગે

એક મત એવો છે કે જે વ્યક્તિ એક પરિસ્થિતિમાં નેતા છે તે વ્યક્તિ બધી જ પરિસ્થિતિઓમાં નેતા બનશે.

બીજો મત એવો છે કે નેતૃત્વ એ વિશિષ્ટ લક્ષણ છે. એટલે કે જૂથકાર્ય અને જૂથના પ્રકાર પ્રમાણે અમુક વ્યક્તિ નેતા તરીકે અસરકારક બને છે, પરંતુ જૂથકાર્ય કે જૂથના પ્રકારમાં પરિવર્તન આવતાં જ નેતૃત્વ બદલાય છે. જોકે

કેટલાક અભ્યાસો એ બાબત પર ભાર મૂકે છે કે વ્યક્તિમાં અમુક પ્રકારનાં વ્યક્તિત્વનાં લક્ષણો હોવાથી તે નેતૃત્વ પ્રાપ્ત કરે છે અને તેથી તે વ્યક્તિ મોટે ભાગે કોઈપણ સ્વરૂપની પરિસ્થિતિમાં નેતા બને છે. આમ નેતૃત્વ એ સામાન્ય લક્ષણ છે.

## [5] નેતાના પ્રકારો

પ્રશ્ન 5. નેતાના પ્રકારો સમજાવો.

(1) પ્રાસ્તાવિક (2) નેતાના પ્રકારો (૩) લોકશાહી નેતા અને આપખુદ (સરમુખત્યાર) નેતા

પ્રાસ્તાવિક

મનોવૈજ્ઞાનિકો અને સમાજશાસ્ત્રીઓએ જુદાં જુદાં દૃષ્ટિબિંદુઓને આધારે નેતાના જુદા જુદા પ્રકારો દર્શાવ્યા છે. અહીં બાર્ટલેટ, કુપ્પુસ્વામી, કેચ, કફિલ્ડ અને ફિલ્ડ તેમજ લિપિટ અને વ્હાઈટે આપેલા નેતૃત્વના પ્રકારોની વિગતે સમજ આપી છે.

[2] નેતાના પ્રકારો

નેતાના પ્રકારોના જુદા જુદા વર્ગીકરણો નીચે પ્રમાણે છેઃ

(અ) માર્ટિન કોનવેએ આપેલા નેતાના પ્રકારો:

(1) સમુદાયને દોરનાર નેતા (2) સમુદાયની લાગણીઓ અને ઇચ્છાઓને અભિવ્યક્ત કરનાર નેતા તેમજ (૩) સમુદાયનો પ્રતિનિધિ.

(બ) કિમ્બાલ મંગે આપેલા નેતાના પ્રકારો

(1) રાજકીય નેતા (2) લોકશાહી નેતા (3) મુત્સદી નેતા (4) સુધારક નેતા (5) નોકરશાહી નેતા અને (6) સિદ્ધાંતવાદી નેતા.

(ક) બાર્ટલેટ આપેલા નેતાના પ્રકારો

(1) સંસ્થાકીય નેતા (2) આધિપત્ય ધરાવનાર નેતા અને (3) પ્રોત્સાહન આપનાર નેતા.

બી. કુપ્પુસ્વામીએ ઉપરના ત્રણ પ્રકારો ઉપરાંત 'નિષ્ણાત નેતા'નો ચોથો પ્રકાર દર્શાવ્યો છે.

(ડ) ફ્રેંચ, કફિલ્ડ અને બેલાધીએ આપેલા નેતાના પ્રકારો

(1) ઔપચારિક નેતા (2) લોકશાહી નેતા અને (૩) સરમુખત્યાર-આપખુદ નેતા

(ઈ) લિપિટ અને હાઇટે આપેલા નેતાના પ્રકારો

(1) સરમુખત્યાર (આપખુદ) નેતા (2) લોકશાહી નેતા અને (3) સ્વૈરવિહારી નેતા.

(જી) બાર્ટલેટ અને કુપ્પુસ્વામીએ આપેલા નેતાના પ્રકારો

(I) સંસ્થાકીય નૈના

(2) આધિપત્ય ધરાવનાર પ્રભાવશાળી નેતા

(3) પ્રોત્સાહન આપનાર નેતા

(4) નિષ્ણાત નેતા

1. સંસ્થાકીય નેતા

જુદી જુદી સંસ્થાઓમાં કારખાનું, ઓફિસ, રાજકીય સંસ્થા, શૈલિક સંસ્થાઓ વગેરેમાં જે મુખ્ય વ્યક્તિ હોય છે તેને સંસ્થાકીય નેતા કહેવામાં આવે છે. આ પ્રકારનું નેતાપદ સંસ્થાઓમાં ચોક્કસ પ્રકારના સ્થાનને કારણે પ્રાપ્ત

થાય છે. સ્થાનને કારણે જ નેતાને હોદ્દો અને સત્તા પ્રાપ્ત થાય છે. નેતા સંસ્થાના નિયમો પ્રમાણે કાર્ય કરે છે. બેંકના મેનેજર, કંપનીના ડિરેક્ટર, જિલ્લા કલેક્ટર, કોલેજના આચાર્ય વગેરે સંસ્થાકીય નેતાનાં ઉદાહરણો છે.

2. આધિપત્ય ધરાવનાર પ્રભાવશાળી નેતા

આ પ્રકારના નેતાને બીજા શબ્દોમાં 'આપખુદ નેતા' પણ કહેવામાં આવે છે. સામાન્ય રીતે આવા નેતાઓ આક્રમક, બહિર્મુખ અને સત્તાપ્રિય હોય છે. નેતા પોતે જ નિર્ણયો લે છે, આશાઓ આપે છે અને આજ્ઞાઓનું કડકપો પાલન કરાવે છે. જો કોઈ વ્યક્તિ તેમની આજ્ઞાથી વિરુદ્ધ રીતે વર્તન કરે તો તેને કડક સા કે શિક્ષા કરવામાં આવે છે. હિટલર, સ્ટાલિન, મુસોલિનિ વગેરે આધિપત્ય ધરાવનાર નેતાનાં ઉદાહરણો છે.

3. પ્રોત્સાહન આપનાર નેતા

અન્ય પ્રકારના નેતાઓની સરખામણીમાં આ પ્રકારનો નેતા પોતાના અનુયાપીઓ સાથે નિકટના સંપર્કમાં રહે છે. તે જૂથના સભ્યોમાં મળી જાય છે. તે તેમની જરૂરિયાતો, સમસ્યાઓ અને લાગણીઓને સમજે છે. લોકોને સંતોષ થાય તેવા ઉકેલો ચર્ચાવિચારણા દ્વારા લાવવાનો તે પ્રયત્ન કરે છે. આ પ્રકારનું નેતૃત્વ એ લોકશાહી નેતૃત્વ છે. ગાંધીજી આ પ્રકારના નેતાનું ઉદાહરણ પૂરું પાડે છે.

4. નિષ્ણાત નેતા :

જ્ઞાનના અને કૌશલ્પના પ્રત્યેક ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર નિષ્ણાત વ્યક્તિનો પોતાના વિશિષ્ટ ક્ષેત્રમાં પોતાની સિદ્ધિઓને કારણે નેતાપદ પ્રાપ્ત કરે છે. વિજ્ઞાન, કલા, સાહિત્ય વગેરે ક્ષેત્રોમાં નિષ્ણાત વ્યક્તિઓને નિષ્ણાત નેતાઓ કહેવામાં આવે છે. આઈનસ્ટાઈન, ન્યૂટન, ચર્વિન વગેરે વિજ્ઞાન જગતના નેતાઓ ગણાય છે. કાલિદાસ, શેક્સપિયર, ટોલ્સ્ટોય વગેરે સાહિત્યકારો; માર્ક્સ, રસેલ, એરિસ્ટોટલ વગેરે વિચારકો, ફ્રોઈડ વુન્ટ, પાવલોવ વગેરે મનોવૈજ્ઞાનિકો નિષ્ણાત નેતાઓનાં ઉદાહરણો છે. નિષ્ણાત નેતા લોકો સાથે સીધા સંપર્કમાં આવતા નથી, પરંતુ તે પોતાના કાર્ય દ્વારા જનસમૂહ પર અસર જન્માવે છે.

|3| લોકશાહી નેતા અને આપખુદ (સરમુખત્યાર) નેતા

ફ્રેંચ, ફિલ્ડ અને બેલાચી તેમજ લિપિટ અને વ્હાઈટ આપેલા નેતાના પ્રકારોમાં લોકશાહી નેતા અને આપખુદ (સરમુખત્યાર) નેતાનો સમાવેશ કર્યો છે.

1. લોકશાહી નેતા

લોકશાહી નેતાને જૂથ દ્વારા સત્તા પ્રાપ્ત થાય છે. તે જૂથના સભ્યો સાથે ચર્ચાવિચારણા કરીને નિર્ણયો લે છે, તે વિરોધી મત ધરાવનાર સભ્યોના

અભિપ્રાયોને સાંભળે છે અને યોગ્ય હોય તો સ્વીકારે છે. તે જૂથની નીતિ અને યોજનાઓ નક્કી કરવામાં જૂથના સભ્યો સાથે ખુલ્લી રીતે વાતચીત કરીને તેમના અભિપ્રાયોને ધ્યાનમાં લે છે. લોકશાહી નેતા અને જૂથના સભ્યો વચ્ચેના સંબંધો મૈત્રીપૂર્ણ હોય છે. લોકશાહી નેતૃત્વમાં જૂથના સભ્યોનો જુસ્સો ઊંચો હોય છે. લોકશાહી નેતૃત્વમાં સત્તા અને અધિકારોનું વિકેન્દ્રીકરણ થયેલું હોય છે. લોકશાહી નેતૃત્વ ધરાવનાર જૂથમાં સંપૂર્ણ વ્યક્તિસ્વાતંત્ર્ય અને વિચારસ્વાતંત્ર્ય હોય છે. લોકશાહી નેતૃત્વમાં નેતાની ગેરહાજરીમાં થતું વિટન થતું નથી. ગાંધીજી, લાલબહાદુર શાસ્ત્રી વગેરે લોકશાહી નેતાનાં ઉદાહરણો છે.

2. આપખુદ-સરમુખત્યાર નેતા

આપખુદ (સરમુખત્યારી નેતા પોતે જ સંપૂર્ણ સત્તા ધરાવે છે, સર્વસત્તાધીશ હોય છે. તે સરમુખત્યાર હોય છે, કારણ કે તેના હાથમાં સત્તાનું કેન્દ્રીકરણ હોય છે. તે આપખુદ રીતે જૂથના બધા જ નિર્ણયો જાતે જ લે છે. તે જૂની નીતિ કે યોજનાઓ નક્કી કરવા માટે જૂથના સભ્યો સાથે ચર્ચાવિચારણા કરતો નથી. તે જૂથનો લક્ષ્યો સિદ્ધ કરવા માટે સભ્યોને જદાં જુદાં કાર્યો સોંપે છે. તે જૂથના સભ્યોને આદેશો કે હુકમો આપે છે તેમજ આદેશોનું કડકપણે પાલન કરાવે છે. તે પોતાના આદેશોથી વિરુદ્ધ વર્તનારને કડક શિક્ષા કરે છે. તે કાર્યાભિમુખ હોય છે. તેને જૂથના સભ્યોની સુખાકારીની ચિંતા ઓછી હોય છે, તેથી જૂથના સભ્યોનો જુસ્સો ઓછો હોય છે. આપખુદ નેતૃત્વમાં જૂથના

સભ્યોમાં ભય, અસલામતી અને હતાશા પ્રવર્તે છે. આપખુદ નેતાની ગેરહાજરીમાં જૂથમાં કટોકટી સર્જાય છે. હિટલર, સ્ટાલિન, મુસોલિનિ વગેરે આપખુદ (સરમુખત્યાર) નેતાનાં ઉદાહરણો છે.

3. લોકશાહી નેતા અને આપખુદ નેતા વચ્ચેનો તફાવત

(1) લોકશાહી નેતાને જૂથના સભ્યોની બહુમતીથી નેતૃત્વ પ્રાપ્ત થાય છે. નેતૃત્વ પ્રાપ્ત થયેલું હોતું જ્યારે આપખુદ નેતાને જૂથના સભ્યોની બહુમતીથી નથી, પરંતુ તેણે પોતાની જાતે જ નેતૃત્વ લઈ લીધું હોય છે.

(2) લોકશાહી નેતૃત્વમાં સત્તા અને અધિકારોનું વિકેન્દ્રીકરણ થયેલું હોય છે. જ્યારે આપખુદ નેતૃત્વમાં સત્તા અને અધિકારોનું કેન્દ્રીકરણ થયેલું હોય છે. આપખુદ નેતા સર્વસત્તાધીશ હોય છે.

(3) લોકશાહી નેતા જૂથના સભ્યો સાથે ચર્ચાવિચારણા કરીને જૂથની નીતિ, લક્ષ્યો અને યોજનાઓ અંગે નિર્ણયો લે છે. જ્યારે આપખુદ નેતા પોતે જ જૂથની નીતિ, લક્ષ્યો અને યોજનાઓ અંગે નિર્ણયો લે છે.

(4) લોકશાહી નેતા પોતાના જૂથના સભ્યોને મહત્ત્વ આપે છે, કયારે આપખુદ નેતા પોતે એકલી જૂથની મહત્ત્વની વ્યક્તિ છે અને તે જૂથના સભ્યોને મહત્ત્વ આપતો નથી.

(5) લોકશાહી નેતૃત્વમાં નેતા અને અનુયાયીઓ વચ્ચેનો સંબંધ મૈત્રીપૂર્ણ અને સહકારયુક્ત હોય છે. જયારે આપખુદ નેતૃત્વમાં નેતાનો

અનુયાયીઓ સાથેનો વ્યવહાર અધીનતાના સ્વીકારનો અને દબાણયુક્ત હોય છે.

(6) લોકશાહી નેતૃત્વમાં વ્યક્તિસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાનું સ્વાતંત્ર્ય હોય છે. જ્યારે આપખુદ નેતૃત્વમાં જૂથના સભ્યોને વ્યક્તિસ્વાતંત્ર્ય, વિચારસ્વાતંત્ર્ય અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરવાનું સ્વાતંત્ર્ય હોતું નથી.

(7) લોકશાહી નેતા બળજબરી, દબાણ અને કડક શિસ્તથી જૂથનું નિયંત્રણ કરતો નથી. જ્યારે આપખુદ નેતા બળજબરી, દબાણ અને કડક શિસ્તથી જૂથમાં નિયંત્રણ રાખે છે.

(8) લોકશાહી નેતૃત્વમાં જૂથના સભ્યોનો નૈતિક જુસ્સો ઊંચો હોય છે. જ્યારે આપખુદ નેતૃત્વમાં જૂથના સભ્યોનો નૈતિક જુસ્સો નીચો હોય છે.

(9) લોકશાહી નેતાને બંધારણના નિયમો પ્રમાણે સત્તાસ્થાનેથી દૂર કરી શકાય છે. જ્યારે આપખુદ નેતાને સત્તાસ્થાનેથી દૂર કરી શકાતો નથી. આંદોલન કે ક્રાંતિ દ્વારા જ આપખુદ નેતાને દૂર કરી શકાય છે.

(10) લોકશાહી નેતા મૃત્યુ પામે કે ગેરહાજર રહે તો જૂથનું વિઘટન થતું નથી. જ્યારે આપખુદ નેતા મૃત્યુ પામે કે ગેરહાજર રહે તો જૂથનું વિઘટન થાય છે.

## [6] નેતાનાં કાર્યો

પ્રશ્ન 6. નેતા અને નેતૃત્વનો અર્થ આપી, નેતાનાં કાર્યો સમજાવો.

|1| પ્રાસ્તાવિક

જૂથમાં નેતા અનેકવિધ પ્રકારનાં કાર્યો કરે છે. વિવિધ પ્રકારનાં જૂથોમાં નેતા વિવિધ પ્રકારનાં કાર્યો કરે છે; સાથે સાથે નેતાએ જૂથ સમક્ષ હેલી સમસ્યાઓ અને તેના ઉકેલ માટે વિશિષ્ટ કાર્યો પણ કરવાનાં હોય છે. જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ નેતાનાં કાર્યો અંગે જુદી જુદી યાદી આપી છે. કેચ, કફિલ્ડ અને બેલાચીએ નેતાનાં કુલ 14 કાર્યો દર્શાવ્યાં છે. તેમણે નેતાનાં 8 મુખ્ય કાર્યો અને 6 સહાયક કાર્યો દર્શાવ્યાં છે. જૂથમાં પોતાનું નેતાપદ ટકાવી રાખવા માટે નેતાએ જે જે કાર્યો કરવાનાં છે તેને નેતાનાં મુખ્ય કાર્યો કહે છે.

નેતાનાં મુખ્ય 8 કાર્યો આ પ્રમાણે છે : (1) વહીવટકર્તા તરીકે નેતા (2) આયોજક તરીકે નેતા (3) નીતિના ઘડવૈયા તરીકે નેતા (4) નિષ્ણાત તરીકે નેતા (5) જૂથના પ્રતિનિધિ તરીકે નેતા (6) આંતરિક સંબંધોના નિયંત્રણ તરીકે નૈના (7) પુરસ્કાર અને શિક્ષાની વ્યવસ્થા કરનાર તરીકે નેતા અને (8) મધ્યસ્થી તરીકે નેતા.

નેતાએ ઉપર દર્શાવેલા મુખ્ય કાર્યો ઉપરાંત કેટલાંક સહાયક કાર્યો પણ કરે છે. નેતા કેટલીક વાર પોતાની જાતે જ જૂથનાં કેટલાંક કાર્યો પોતાના શિરે લઈ લે છે અથવા જૂથના સભ્યોના આગ્રહથી તે અમુક કાર્યો કરે છે. આવાં

કાર્યોને નેતાનાં સહાયક કાર્યો કહે છે. નેતાના સહાયક કાર્યોની નેતાના નેતાપદ પર અસર પડતી નથી. નેતાના સહાયક 6 કાર્યો આ પ્રમાણે છે : (1) આદર્શ તરીકે નેતા (2) જૂથના પ્રતીક તરીકે નેતા (૩) વ્યક્તિગત જવાબદારીના પુરક તરીકે નેતા (4) સિદ્ધાંતવાદી તરીકે નેતા (5) પિતાની આકૃતિ તરીકે નેતા અને (6) બલિના બકરા તરીકે નેતા.

બી. કૃષ્ણુસ્વામીએ નેતાનાં 9 કાર્યો નીચે પ્રમાણે દર્શાવ્યાં છેઃ (I) વહીવટકર્તા તરી (2) આયોજક તરીકે (3) નિષ્ણાત તરીકે (4) રાજ્યના પ્રતિનિધિ તરીકે (૫) દ્વારપાળ તરીકે (6) આંતરિક સંબંધોના નિયંત્રક તરીકે (7) મધ્યસ્થી તરીકે (૪) આદર્શ તરીકે (9) હોળીના નાળિયેર કે બલિના બકરા તરીકે

1. વહીવટકર્તા તરીકે

નેતાનું એક મહત્ત્વનું કાર્ય જૂથના જુદા જુદા સભ્યોની પ્રવૃત્તિઓ વચ્ચે સંકલના કરવાનું છે. આ દૃષ્ટિએ નેતા એક વહીટકર્તા છે. તે જૂથની જુદી જુદી કક્ષાની મહત્ત્વની વ્યક્તિઓને શું કરવાનું છે એ જણાવે છે. નેતા ખરેખર તો જુદી જુદી કક્ષાના નેતાઓને કેટલીક જવાબદારીઓ સોંપે છે; પરંતુ મોટા ભાગના નેતાઓ અન્ય સભ્યોને અદા કરવા દેતા નથી અને તેથી સભ્યો જૂથની પ્રવૃત્તિઓમાં પૂરા હૃદયથી ભાગ લેતા નથી.

2. આયોજક તરીકે:

નેતા જૂથની પ્રવૃત્તિઓનું આયોજન કરે છે અને જૂથ પોતાના ધ્યેયો સિદ્ધ કરી શકે તે માટેનાં માર્ગો અને સાધનો અંગે નિર્ણયો લે છે. નેતા જૂથની નીતિ અને ધ્યેયો અંગેની સ્પષ્ટતા કરે છે.

3. નિષ્ણાત તરીકે

નેતા એક નિષ્ણાત વ્યક્તિ તરીકે પણ કાર્ય કરે છે. તેની પાસે પર્યાપ્ત માહિતી હોવી જોઈએ. સાથે સાથે જૂથના સભ્યોને અને પ્રવૃત્તિઓને માર્ગદર્શન આપી શકે તે માટેનાં કૌશલ્યો તેનામાં હોવાં જોઈએ. જોકે મોટા જૂથમાં નેતા કેટલીકવાર ટેક્નિકલ સલાહકારોની પણ મદદ લે છે, કારણ કે નેતા પાસે બધી જ બાબતો અંગેનું જ્ઞાન અને કૌશલ્ય હોય એ સંભવિત નથી.

4. જૂથના પ્રતિનિધિ તરીકે

નેતા અન્ય જૂથો સાથેના સંબંધોના સંદર્ભમાં જૂથના પ્રતિનિધિ તરીકે કાર્ય કરે છે. જેમકે જ્યારે અન્ય જૂથ સાથે કોઈ બાબત અંગે ચર્ચા થાય છે ત્યારે નેતા પોતાના જૂથના પ્રતિનિધિ તરીકે અન્ય જૂથ સાથે ચર્ચા કરે છે.

5. દ્વારપાળ તરીકે

નેતા પોતાના જૂથ અંગેની માહિતી અન્ય જૂથોને આપે છે અને અન્ય જૂથોની માહિતી પોતાના જૂથના સભ્યોને આપે છે. આમ, દ્વારપાળ એટલે કે ગેટ-કીપરની જેમ નેતા સંદેશાવ્યવહારની આપ-લેમાં મદદરૂપ થાય છે.

6. આંતરિક સંબંધોના નિયંત્રક તરીકે

નેતા જૂથના આંતિરક સંબંધોનું નિયમન કરે છે. તે જૂથના નિયમો અનુસાર વર્તનાર સભ્યોને પુરસ્કાર આપે છે અને જૂથના નિયમોનો ભંગ કરનાર સભ્યોને શિક્ષા કરે છે. પુરસ્કાર અને શિક્ષા દ્વારા તે જૂથના સભ્યોની પ્રવૃત્તિઓનું નિયંત્રણ કરે છે. કોઈપણ મોટા જૂથમાં જુદી જુદી કક્ષાના નેતાઓ હોય છે. અહીં મુખ્ય નેતા કોઈ અન્ય નેતાને તેના સારા કાર્યને કારણે ઉપરની કક્ષાએ બઢતી આપે છે; તો બીજી બાજુ કોઈ અન્ય નેતાને તેના ખરાબ કાર્યને કારણે શિક્ષા સ્વરૂપે ઊતરતી કક્ષાના સ્થાને લઈ જાય છે. તે કેટલીક વાર જૂથના નિયમોનો ભંગ કરનાર સભ્યો સામે શિસ્તભંગનાં પગલાંઓ પણ લે છે.

7. મધ્યસ્થી તરીકે

જૂથમાં જ્યારે સંઘર્ષ ઉપસ્થિત થાય ત્યારે નેના એક મધ્યસ્થી તરીકે પણ કાર્ય કરે છે. જ્યારે જૂથમાં સભ્યો વચ્ચે વિખવાદ કે સંઘર્ષ ઉત્પન્ન થાય છે ત્યારે તે એક ન્યાયાધીશની જેમ બંને પક્ષોને સાંભળે છે અને યોગ્ય નિર્ણય લે છે. નેતા બંને પક્ષો વચ્ચે સમાધાન પણ કરે છે.

૪. આદર્શ તરીકે :

નેતા જૂથ સમક્ષ એક આદર્શ પૂરી પાડવાનું પણ કાર્ય કરે છે. નેતાનું વર્તન અને વ્યક્તિત્વ એ એક આદર્શ સભ્ય અંગેનું દષ્ટાંત જૂથના સભ્યોને પૂરું પાડે છે. જૂથના સભ્યો તેની સાથે તાદાત્મ્ય સાથે છે અને તેની સાથે વિધાયક લાગણીઓ પણ ધરાવે છે.

9. હોળીના નાળિયેર કે બલિના બકરા તરીકે:

નેતા કેટલીક વાર હોળીનું નાળિયેર કે બલિનો બકરો પણ બને છે. જ્યારે જૂથના જુદા જુદા ઘટકો વચ્ચે ઝઘડો થાય છે ત્યારે જૂથના સભ્યો નિરાશા અનુભવે છે. હતાશાને કારણે જૂથના સભ્યો આક્રમક બનીને આ અંગે જૂથના નેતાને જવાબદાર ગણે છે. પરંતુ જો નેતા ખૂબ જ કુશળતાપૂર્વક આ કટોકટીભરી પરિસ્થિતિને દૂર કરી શકે તો તેની પ્રશંસા થાય છે, તેમજ એ તે નિષ્ફળ નીવડે તો નેતાને વખોડવામાં આવે છે, તેની ખૂબ જ ટીકા થાય છે અને આ રીતે તે હોળીનું નાળિયેર કે બિલનો બકરો બને છે.